# ફાઈનલમાં ફસકી જવાની પરંપરા જાળવતું ભારત

## સ્પોર્ટ્સ

- સ્પોર્ટ્સ મેન

**ભા**રતે ફરી એક વખત ફાઈનલમાં ફસકી જવાની પરંપરા જાળવી જ રાખી ! શ્રીલંકા ખાતે યોજાયેલી ત્રિકોણીય વન-ડે ટુર્નામેન્ટ માંડ-માંડ ફાઈનલમાં પહોંચ્યા બાદ ધોની સેનાના બેટ્સમેન બહાદુરો શ્રીલંકા બોલરોની આગ ઝરતી બોલિંગ સામે ક્રિઝ પર ટકી રહેવામાં નિષ્ફળ જતાં શ્રીલંકાની ધરતી પર ધોનીના નેતૃત્વ હેઠળ પ્રથમ કોઈ વખત વન-ડે ટુર્નામેન્ટ ગુમાવી.

હજુ બે માસ અગાઉ જ આ શ્રીલંકન ટીમ સામે જ આપણે ફાઈનલ જીત્યા હતા. પણ, ભારતીય ટીમ સામે જ સાતત્યભર્યો દેખાવ જાળવી રાખવામાં નિષ્ફળ રહેતા અંતે પરાજય જ નસીબમાં આવ્યો ! વર્લ્ડકપ આડે હવે ગણત્રીના મહિનાઓ જ બાકી રહ્યા છે ત્યારે ભારતીય ટીમનું આ ચઢાવ - ઉતારભર્યું પ્રદર્શન ચિંતાપ્રેરક છે. યુવા ટીમ બનાવવા માટે વધુ યુવા ખેલાડીઓને ટીમમાં સમાવાયા. પણ મોટાભાગનાં યુવા ખેલાડીઓ અપેક્ષા મુજબ દેખાવ કરવામાં નિષ્ફળ રહેતા પસંદગીકારો માટે સમસ્યા વધી જશે. શ્રીલંકા પ્રવાસ દરમ્યાન આપણી બેટિંગ લાઈન-અપ સૌથી નબળી બની રહી. કાગળ પર બેટિંગનાં શહેનશાહો ગણાતા બેટ્સમેનો આ વખતે તેમનું કૌવત ઝળકાવવામાં નિષ્ફળ રહ્યા. ભારતે આ ટુર્નામેન્ટમાં જે કોઈ વિજયો મેળવ્યા તેમાં વિરેન્દ્ર સેહવાગના શાનદાર ફોર્મનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. જે મેચમાં તે ચાલ્યો તે તમામ મેચ ભારત જીત્યું. બાકીનામાં હારી ગયું ! ફાઈનલમાં પણ તે જમાવટ કરી રહ્યો હતો ત્યારે કમનસીબે રનઆઉટ થઈ ગયો. બાકી, તે થોડો સમય ક્રિઝ પર ટકી ગયો હોત તો મેચનું પરિણામ કંઈક જુદું જ હોત. પણ, કોઈ એક-બે ખેલાડીનાં પ્રદર્શન પર આધારિત રહેવું તે કોઈપણ ટીમ માટે હારાકિરી સમાન બની રહેતું હોઈ તેના અખતરા ન કરાય !

ખેર, એક વાત નક્કી છે કે ભારતીય ટીમે તેમના પરાજયનું પોસ્ટમોર્ટમ કરી તેમાં રહેલી કમીઓને તાકીદે દૂર કરવાની જરૂર છે. આવું જ ચાલતું રહેશે તો ધોની સેના વર્લ્ડકપ નહીં અપાવી શકે તે દુ:ખદ કડવી સત્ય હકિકત બની રહેશે.

હવે એક બાજુ ૧૦મી તારીખથી ચેમ્પિયન્સ લીગ ટુર્નામેન્ટ શરૂ થશે તો બીજી બાજુ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં સાઈના નેહવાલના અભિયાનનો ક્વાર્ટર ફાઈનલમાં જ અંત આવી ગયો છે. સાઈના પાસેથી આ સિરીઝ જીતવાની આશા હતી. પણ સાઈનાએ તાજેતરમાં રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ મેળવી વધુ એક સિદ્ધિ મેળવી છે.

## દેશનો સર્વોચ્ચ રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ મેળવતી સાઈના નેહવાલ



દેશના સર્વોચ્ચ ખેલ સમ્માન રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ માટે જૂન મહિનામાં ઉપરા-ઉપરી ૩ વર્લ્ડ સિરીઝ જીતી તરખાટ મચાવીને વિશ્વની બીજા ક્રમની બેડમિન્ટન ખેલાડી બની જનાર હૈદરાબાદી ગર્લ સાઈના નેહવાલની પસંદગી થતાં રમત પ્રેમીઓમાં આનંદ છવાઈ ગયો છે. છેલ્લા ત્રણેક વર્ષથી બેડમિન્ટન ક્ષેત્રે સતત પોતાનાં સારા દેખાવ વડે ભારતનું નામ રોશન કરનાર સાઈના આ એવોર્ડ જીતવા માટે યથાર્થ ઉમેદવાર છે. સાઈના માટે આ એવોર્ડ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે તેના ગુરૂ પણ આ એવોર્ડ જીતી ચૂકયા છે અને હવે શિષ્યે પણ તે એવોર્ડ મેળવતા ગુરૂની છાતી ગર્વથી ફૂલી ગઈ છે. સાઈનાના ગુરૂ પુલેલા ગોપીચંદે આ એવોર્ડ વર્ષ ૨૦૦૦-૦૧માં જીત્યો હતો. તેના એક જ દસકામાં સાઈનાએ આ એવોર્ડ જીતી બતાવ્યો છે ત્યારે આ પ્રતિષ્ઠિત એવોર્ડ અને તેને મેળવનાર ભાગ્યશાળી રમતવીરોની થોડી વાતો કરીએ. રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ અંગે વાત કરીએ તો, આપણે ત્યાં રમત જગત ક્ષેત્રે સારો દેખાવ કરનારને અર્જુન એવોર્ડ આપવામાં આવે છે. જે માટે એક સાથે ઘણાં બધા ખેલાડીઓની પસંદગી કરાય છે. પણ, સમગ્ર દેશની શાન વિશ્વભરમાં વધે તેવા કોઈ એક ખેલાડીને સન્માનવા માટે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીની સ્મૃતિમાં રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડની શરૂઆત ૧૯૯૧-૯૨માં કરવામાં આવી. સૌપ્રથમ આ એવોર્ડ શતરંજના શહેનશાહ અને અત્યારે વિશ્વના નાથ એવા વિશ્વનાથન આનંદને એનાયત કરાયો હતો.

સામાન્ય રીતે આ એવોર્ડ આમ તો કોઈ એક ખેલાડીને આપવાની પ્રથા છે. પણ કેટલીક વખત એવું પણ બન્યું કે એક જ વર્ષમાં કોઈ બે-ત્રણ ખેલાડીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હોય ત્યારે તેમની સિદ્ધિઓને ન્યાય આપવા માટે આ એવોર્ડ સંયુક્ત રીતે પણ આપવામાં આવ્યો છે. આવું અત્યારસુધીમાં કુલ ચાર વખત બની ચૂકયું છે. ૧૯૯૪-૯૫માં આપણી નૌકાયાન ટીમનાં ખેલાડીઓ કમાન્ડર હોમી મોતીવાલા લેફટ. કમાન્ડર પી.કે.ગર્ગ બંનેનો દેખાવ સમકક્ષ હોઈ બંનેને આ એવોર્ડ સૌ પ્રથમવાર સંયુક્ત રીતે એનાયત કરાયો હતો.

૧૯૯૬-૯૭માં પણ આ કિસ્સાનું પુનરાવર્તન થયું હતું. મહિલા વેઈટ લિફટર કુંજરાની દેવી અને ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક અપાવનાર લિએન્ડર પેઈસને સંયુક્ત રીતે એવોર્ડ અપાયો હતો. આ પછી ૨૦૦૨-૦૩માં બે મહિલા ખેલાડીઓ અંજલી વેદ પાઠક ભાગવત (શૂટિંગ) અને કે.એમ.બીનામોલ (એથ્લેટિક)ને સંયુક્ત રીતે ખેલરત્ન સન્માન અપાયું હતું.

વર્ષ ૨૦૦૮-૦૯માં તો એવી પરિસ્થિતિ સર્જાઈ કે સૌ પ્રથમ વખત ત્રણ ખેલાડીઓને સંયુક્ત રીતે આ એવોર્ડ વડે સન્માનિત કરાયા. બૈજિંગ ઓલિમ્પિક ખાતે ભારતીય ખેલાડીઓએ સૌ પ્રથમ વખત

## રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ વિજેતાઓ પર એક દ્રષ્ટિપાત

અદ્‌ભુત દેખાવ કરી ભારતને ગૌરવ અપાવ્યું હતું. આથી બોક્સર વિજેન્દરસિંહ, કુસ્તીબાજ સુશીલકુમાર ઉપરાંત મહિલા બોકસિંગમાં સતત ત્રણ વખત વિશ્વ ચેમ્પિયન બનવાની અનોખી સિદ્ધિ મેળવનાર મેરી કોમ એમ ત્રણ ખેલાડીઓને આ સર્વોચ્ચ પુરસ્કાર એનાયત કરાયો હતો. આ એવોર્ડ જીતવા ભાગ્યશાળી નીવડનાર ક્રિકેટરોની વાત કરીએ તો, આજ સુધીમાં માત્ર બે ક્રિકેટર જ આ એવોર્ડ જીતી શકયા છે. સૌ પ્રથમ એવરગ્રીન સચિન તેન્ડુલકરને જ યાદ કરવો પડે. ૧૯૯૭-૯૮નાં વર્ષમાં

અનુસંધાન છઠ્ઠા પાને

# પોટેટો રોલ્સ



## રેસીપી

- મુસ્લિમા શેઠવાલા

### હુસાઈની શીક

**સામગ્રી-:** ૩૦૦ ગ્રામ મટન ચનાબોટી. (નાના નાના પીસ)
૧ કાચું અંજીર અથવા ટુકડા કાચું પપૈયુ
મીઠું સ્વાદાનુસાર
૨ મીડિયમ બટાકા, મોટા ટુકડા કરી તેલમાં તળી લેવા.
૨ મીડિયમ ડુંગળી, સ્લાઈસ કરી બિરસ્તો કરવો, મસળી નાખવો.
૧ મોટું ટામેટું ઝીણા ટુકડા કરવા
તેલ/બટર જરૂર મુજબ
૧ ચમચો કોથમિર અને ફુદીના. ઝીણું સમારેલું
૧ ચમચી લાલમરચું
૧ ઈંડુ

**રીતઃ સ્ટેપ ૧:-** અંજીર/ પપૈયુ, આદુ અને મીઠું સાથે વાટી, નાખો અને મટનમાં મીક્ષ કરો. ૨ કલાક રહેવા દો

**સ્ટેપઃ ૨:-** મટનમાં તળેલા બટાકા મસળેલો બિરસ્તો, ટામેટા, તેલ અથવા બટર, કોથમિર ફુદીનો અને લાલમરચુ મીક્ષ કરી ઓવનપ્રુફ ડીશમાં નાખો. ઈંડાને ફેટી તેની ઉપર નાખો. ઈંડુ બ્રાઉન થાય ત્યાં સુધી ઓવનમાં બેક કરો ગરમ ગરમ સર્વ કરો.

**Cleanwise tip-:** બાટલીઓની અન્દરની વાસ રાઈના પાણીથી ધોવાથી જતી રહે છે.

### પોટેટો રોલ્સ

**સામગ્રીઃ-** ૧૨ બાફેલા બટાકા
૨ ચમચા કોર્નફલોર
તળવા માટે તેલ

**ચટની માટે સામગ્રીઃ-** ૧ તાજુ નારિયેળ
મીઠું સ્વપ્રમાણે
૩-૪ લીલા મરચા
૫૦ ગ્રામ શીંગ
૨ લીબુનો રસ
૨૫ ગ્રામ તલ.

**રીતઃ સ્ટેપ ૧:-** નારિયેળના નાના-નાના ટુકડા કરો. તેને શીંગ, કોથમીર લીલા મરચા, તલ અને મીઠા સાથે વાટી નાખો.

**સ્ટેપ ૨:-** બટાકાને મસળી તેમાં કોર્નફલોર અને મીઠું મીક્ષ કરો.

**સ્ટેપ ૩:-** બટાકાના મીક્ષ્ચરમાંથી મીડિયમ સાઈઝના લુવા (બોલ)



બનાવો આ બોલને ચોપીંગ બોર્ડ અથવા રોટલી વણવાના પાટલા ઉપર વેલણથી રોટલીની જેમ ગોળ વણો. જો ચોંટી જતું હોય તો પાટલા પર પ્લાસ્ટીક પેપર રાખીને વણો. રોટલીની સાઈઝ જેટલું વણી આખી રોટલી પર નારિયેળની ચટણી પાથરો પછી તેને ધીમી ધીમે સાચવીને રોલ કરો. આ રોલના ૪અથવા ૫ ટુકડા કરો. ગરમ ગરમ તેલમાં ફ્રાય કરો અને નારિયેળની ચટણી સાથે સર્વ કરો.

અનુસંધાન છઠ્ઠા પાને

# ગિલા ગિલા પાની.....

## ફિલ્મનેટ

- રેશમા ધનતેજવી




**વ**રસાદી મોસમમાં વરસાદની ફિલ્મી સફરની વાતોમાં ૧૯૯૧માં રીલીઝ થયેલ ફિલ્મ હીનાનો પણ સમાવેશ થાય છે. ફિલ્મ હિના રાજકપૂરનું સપનું હતું જે પાછળથી રણધીર કપૂરે પૂરું કર્યું. રિશી કપૂર, અને પાકિસ્તાની હિરોઈન ઝેબા બખ્ત્યાર સ્ટારર આ ફિલ્મ ભારત-પાક એકતા પર આધારિત હતી. આ ફિલ્મનું આજા વે માહી ગીત ખૂબ જ મહત્ત્વનું છે. આ ગીતમાં રિશી કપૂરની વાગ્દત્તા ઘરે રાહ જોઈ રહી છે, સગાઈનો પ્રસંગ છે અને બીજી તરફ બંધનું કામ પતાવીને સરહદી વિસ્તારોમાંથી રિશી કપૂર ધોધમાર વરસાદમાં ગાંડી હંકારીને ઘર તરફ આવે છે. એક તરફ સિચ્યુએશન અનુરૂપ અંતરાને મુખડા ચાલે છે તો બીજી તરફ રિશી કપૂર વરસાદનો સામનો કરે છે. ગીત પૂરું થાય છે ત્યાંજ રિશીની કારનો એક્સીડન્ટ થાય છે અને તે પાણીમાં પડે છે. પાણીના ઝડપી પ્રવાહમાં તણાઈને રિશી કપૂર સરહદની પેલી પાર પહોંચી જાય છે. સરહદ નજીકના ગામ લોકો રિશીને જોઈને એને ગામમાં લાવે છે, ઈલાજ કરાવે છે. રિશી કપૂર તો બચી જાય છે પણ એ પોતાની યાદશક્તિ ગુમાવી બેસે છે. એ પછી સરહદની પેલી પાર રહેતી હિના એને ચાહવા લાગે છે. વરસાદને લઈને બનેલી આ ઘટના આખી ફિલ્મ માટે ટ્વીસ્ટ પૂરવાર થાય છે. આ ફિલ્મને જોઈને એવું લાગે કે આમાં ઘણી જગ્યાએ રાજકપૂરનું પર્સનલ ટચ છે. વરસાદ અને પ્રેમ વચ્ચે જૂનો સંબંધ છે, ભલે પછી એ પ્રેમ એકતરફી જ કેમ ન હોય? ૧૯૯૩માં રિલીઝ થયેલ ફિલ્મ ડરમાં એકતરફી પ્રેમને પરાકાષ્ઠાની હદ સુધી દર્શાવ્યો છે. હની ઈરાનીએ આ ફિલ્મમાં જુહી ચાવલાને પારદર્શક વસ્ત્રોમાં પલળતી અને ડાન્સ કરતી દર્શાવી છે. આ ઉપરાંત કલાઈમેક્સના મુખ્ય દશ્ય વખતે પણ વરસાદનો ઉપયોગ કરાયો છે. ફિલ્મનાં અંત ભાગમાં શાહરૂખખાન જુહી ચાવલાને લઈને એક બોટ પર જાય છે અને પોતે સુનીલ (સની દેઓલ)ને મારી નાખ્યો છે. એવું જણાવે છે. ઉપરાંત એ લગ્નવિધિનાં શ્લોક એક ટેપમાં રેકોર્ડ કરીને જુહી ચાવલા સાથે લગ્ન કરવા માટે લાવે છે. આ દશ્યમાં શાહરૂખ ક્યારેક પ્રેમ યાચના કરે છે તો ક્યારેક ધમકાવે છે અને એ સાથે જ અનરાધાર વરસાદ અને વીજળીના કડાકા-ભડાકા વચ્ચે બોટ પર સુનીલનો હાથ દેખાય છે અને પછી સુનીલ શાહરૂખને ખત્મ કરી નાંખે છે. યશ ચોપરાની આ ફિલ્મમાં શાહરૂખે વિલનનો રોલ કરીને નવો ચીલો ચાતર્યો હતો. એ પછી તો ઘણાં હિરોએ નેગેટીવ ભૂમિકા ભજવી. ફિલ્મ 'ડર'નું શીર્ષક પણ કથાનક પ્રમાણે સુયોગ્ય અને વરસાદ ફિલ્મમાં ભયનું વાતાવરણ સર્જે છે. વરસાદે ફિલ્મ 'સત્યા'માં પણ ભય અને આતંકને જીવંત દર્શાવવામાં મદદ કરી હતી. ૧૯૯૮માં રીલીઝ થયેલ રામ ગોપાલ વર્માની ફિલ્મ સત્યા અન્ડરવર્લ્ડ પર આધારિત ફિલ્મ છે. હત્યા, આતંક, વસૂલી, દાદાગીરી અને ભાઈગીરીથી ભરપૂર આ ફિલ્મમાં વરસાદે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ફિલ્મની શરૂઆતથી જ દરિયો,, હોડીઓ અને વરસાદમાં તરબોળ મુંબઈનું ચિત્રાણ કરાયું છે. ફિલ્મનો નાયક પોતાના નવા ફલેટમાં આવે છે, ફલેટની બારી ખોલે છે અને જુએ છે તો ઘરની ગેલેરીમાં ઊભેલી ફિલ્મની નાયિકા વિદ્યા ગીત ગાય છે. ગિલા ગિલા પાની.... આ રોમેન્ટિક દ્રશ્યમાં પણ વરસાદ અને જ્યારે ફિલ્મમાં હત્યા થાય, ગોળીબાર થાય કે મુંબઈ ઝૂંપડપટ્ટીની સાંકળી ગલીઓમાં ફિલ્મના કલાકારો ભાગતા હોય એ બધા જ દશ્યોમાં વરસાદ ચાલુ જ હોય અને એ પણ મુંબઈનો ગાંડો વરસાદ જે ક્યારેક સંતાકૂકડી રમતો, તો ક્યારેક તોબા પોકારી દેતો. એવા જ મુંબઈના વરસાદને ફિલ્મ 'બોમ્બે'માં પણ આપણે જોઈ શકીએ છીએ. એ વખતે બોમ્બે બોલવા પર કે ફિલ્મનું નામ બોમ્બે રાખવા પર કોઈ પ્રતિબંધ નહોતું એથી મણિરત્નમ ફિલ્મનું નામ બોમ્બે રાખી શક્યા. આ ફિલ્મ એક રોમેન્ટિક કથાનક ધરાવતી ફિલ્મ છે. જેનું મૂળ બે અલગ ધર્મની વ્યક્તિઓની પ્રેમકથા પર આધારિત છે. દક્ષિણના દરિયા કિનારે માલમપૂર ગામ પર વાદળો ઘેરાય છે, અને વરસાદી મોસમ સોળે કળાએ ખીલી ઉઠે છે. આવાજ વાતાવણમાં હિન્દુ યુવક શેખર અને મુસ્લિમ યુવતી સાયરાબાનુ વચ્ચે પ્રેમનાં અંકુર ફૂટે છે. બન્ને અલગ ધર્મના છે એથી ઘર અને ગામમાં કોઈ

અનુસંધાન છઠ્ઠા પાને

## કટાક્ષ કોર્નર

-જામી













